## જન્મદિને વધામણી


ગણપતભાઈ કે જોષી
બનાસકાંઠા ચીફ બ્યુરો, ડાયરેક્ટર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
મો. ૯૩૭૫૦ ૭૨૦૬૧


ભગદેવ ભટ્ટ
મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯


પ્રદિપસિંહ એમ ચાવડા
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા આચાર્ય મંડળ


ક્રિશ પ્રકાશભાઈ શ્રીમાળી
મો. ૯૭૧૪૨ ૯૨૫૫૮


હિતાર્થ જિતેન્દ્ર પારેખ
મો. ૮૦૦૦૯ ૧૧૨૬૭


વંશ ધ્રુવકુમાર મેવાડા
મો. ૯૫૮૬૦ ૯૫૪૩૪


વેદ જિજ્ઞેશભાઈ પારેખ
મો. ૯૪૨૭૪ ૧૭૦૯૪


માહી કાનુગા
મો. ૯૮૨૫૬ ૧૬૧૨૧

# કલરવનાં બાળમિત્રો રેડિયો મિર્ચીની મુલાકાતે



## મુલાકાત દરમિયાન રેડિયો મિરચીના મીસ નિરાલીએ કલરવના બાળમિત્રો સાથે હળવાશ-સભર સંકલન કર્યું

ગાંધીનગર, તા. ૨૬

બાળકોને આનંદ આપતી પ્રવૃત્તિને સમર્પિત કલરવ સંસ્થાના ૭થી ૧૪ વર્ષની વય ધરાવતા એકસો ચાલીસથી વધુ બાળમિત્રોએ તા.૨૫.૮૨૦૧૬, ગુરૂવારને જન્માષ્ટમીના રોજ રેડિયો મિરચી સ્ટેશનના વડાશ્રી કુનાલ સાવંતના રચનાત્મક અભિગમથી મુલાકાત સંપન્ન કરી છે. રેડિયો મિરચી સ્ટેશનના સક્રિય કર્મયોગીઓ પૈકી આરજે શ્રી ધ્વનિતભાઈ તેમજ આરજે એકતાબહેને કલરવના તમામ બાળમિત્રોને તેઓની આગવી શૈલીમાં ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા. સાથોસાથ, રેડિયો મિરચી સ્ટેશન ખાતે આ બાળમિત્રોનો કલરવ ગુંજતો કરાવ્યો હતો. વળી, રેડિયો મિરચી સ્ટેશન ખાતેથી કેવીરીતે કામગીરી કરવામાં આવે છે, તેની રસપ્રદ વિગતો સરળરીતે સમજાવવા સહિત શ્રોતાઓ સાથે થતી જીવંત વાતચીતનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન રેડિયો મિરચીના મીસ નિરાલીએ કલરવના બાળમિત્રો સાથે હળવાશ સભર સંકલન કર્યું હતું. વરસાદી વાતાવરણ વચ્ચે કલરવના તમામ બાળમિત્રો માટે લોકપ્રિય ૯૮.૩ એફએમ રેડિયો મિરચીની મુલાકાતનો સદર કાર્યક્રમ યાદગાર બન્યો છે. સવારમાં હળવા નાસ્તા સાથે ફળરસ લઈને બપોરે પૌષ્ટિક ભોજનનો સૌ બાળમિત્રોએ રસાસ્વાદ માણ્યો હતો. આ બાળમિત્રના વાલીગણે પણ ઓન-લાઈન રજીસ્ટ્રેશનને આવકારવા સાથોસાથ ભુલકાઓએ માણેલ આનંદની ખુશી વ્યક્ત કરી છે.

કલરવના પ્રમુખ કમલ જૈનના નેજા હેઠળ સક્રિય કાર્યકર્તાઓ પૈકી ડૉ. પિયુષ દવે, આશાબેન સરવૈયા, વર્ષાબેન પારેખ, સપના જૈન, જયશ્રી ખેતિયા, કાલિંદી ભટ્ટ, વીણાબેન વહોરા, ડૉ. અમીબેન ભાવસાર, વિલાસબેન, મધુબેન જૈન, ભાવેશ એરડા, અનિલ જૈન, તેમજ નરેશ ઠાકરના સહયોગ થકી કલરવના બાળમિત્રોએ રેડિયો મિરચીના યાદગાર પ્રવાસનો આનંદ માણ્યો હતો.

# સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી







ગાંધીનગર, તા. ૨૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સેક્ટર-૨૩ ખાતે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ૨૪૧ વિદ્યાર્થીઓએ નૃત્ય અને નાટક જેવી કૃતિઓમાં ભાગ લીધો હતો. પોતાની કૃતિઓમાં ભક્તિનો મહિમાં, વાતચીતની કળા, જીવનમાં નિયમિતતા અને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા જેવા વિષયોને વિદ્યાર્થીઓએ અદ્‌ભૂત રીતે વર્ણવ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલયના બાળકોએ ઉચ્ચતમ પરફોર્મન્સ આપી, રોલીંગ ટ્રોફી વિજેતા બન્યા હતી. શ્રી સ્વામિનારાયણ પબ્લીક સ્કૂલે શ્રેષ્ઠ નાટકનો અવોર્ડ જીતી લીધો હતો અને શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયના વિદ્યાર્થીનીઓએ શ્રેષ્ઠ નૃત્યનો એવોર્ડ હસ્તગત કર્યો હતો.

તદુપરાંત છએ છ નૃત્યો અને નાટકોમાંથી બે-બે બાળકોને શ્રેષ્ઠ અભિનય અને શ્રેષ્ઠ નૃત્યકારનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.

ગાંધીનગરના ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો અને ભક્તિરસથી તરબોળ થયા હતા તેમજ મહાઆરતીના ભાગીદાર પણ બન્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમમાં ચીફ કોરિયોગ્રાફી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના અંગ્રેજી વિષયના શિક્ષક અરવિંદભાઈ વાઘ્રોડીયાએ કરી હતી. સંવાદ રેકોર્ડીંગ અને મ્યુજીક એડીટીંગ શાસ્ત્રી માધવપ્રકાશદાસજી સ્વામીએ કરી હતી.

### શ્રેષ્ઠ નૃત્યકાર જાહેર થયેલાં બાળકો

| સ્પર્ધક | સ્કૂલ | ક્રમ |
|---|---|---|
| ધ્રુમી ચૌધરી | શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ | પ્રથમ |
| નેંશી પટેલ | શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ | દ્વિતીય |
| સાધુ ધરતી | શ્રીસ્વામી યોગાનંદ હાઈસ્કૂલ | પ્રથમ |
| ભાવિશા સિંધ્યા | શ્રીસ્વામી યોગાનંદ હાઈસ્કૂલ | દ્વિતીય |
| કશીશ શર્મા | શ્રીસ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ | પ્રથમ |
| સંકલ્પ દેસાઈ | શ્રીસ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ | દ્વિતીય |
| ચારણ મૃણાલી | શ્રીસ્વામિનારાયણ શીશુ વિદ્યાલય | પ્રથમ |
| આશ્વી શાહ | શ્રીસ્વામિનારાયણ શીશુ વિદ્યાલય | દ્વિતીય |
| ગોહિલ કૃષ્ણા | શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય | પ્રથમ |
| બારિયા સૃષ્ટી | શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય | દ્વિતીય |
| દરજી ઉજ્જવલ | શ્રીસ્વામિનારાયણ હાઈસ્કૂલ | પ્રથમ |
| ભાર્ગવ ભાવસાર | શ્રીસ્વામિનારાયણ હાઈસ્કૂલ | દ્વિતીય |

### શ્રેષ્ઠ અભિનેતા જાહેર થયેલાં બાળકો

| સ્પર્ધક | સ્કૂલ | ક્રમ |
|---|---|---|
| પરમ ભટ્ટ | શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ | પ્રથમ |
| એંશ ચૌધરી | શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ | દ્વિતીય |
| ખાન સમીર | શ્રીસ્વામી યોગાનંદ હાઈસ્કૂલ | પ્રથમ |
| હર્ષ વાઘેલા | શ્રીસ્વામી યોગાનંદ હાઈસ્કૂલ | દ્વિતીય |
| જય લવિંગ્યા | શ્રીસ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ | પ્રથમ |
| અક્ષર પરીખ | શ્રીસ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ | દ્વિતીય |
| ભાર્ગવ પટેલ | શ્રીસ્વામિનારાયણ શીશુ વિદ્યાલય | પ્રથમ |
| રાવલ કથન | શ્રીસ્વામિનારાયણ શીશુ વિદ્યાલય | દ્વિતીય |
| જયસવંત રાજપૂત | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય | પ્રથમ |
| જયદીપ મહેશ્વરી | શ્રીસ્વામિનારાયણ ગુરુદુલ વિદ્યાલય | દ્વિતીય |
| ભાર્ગવ પટેલ | શ્રીસ્વામિનારાયણ હાઈસ્કૂલ | પ્રથમ |
| રાવલ કથન | શ્રીસ્વામિનારાયણ હાઈસ્કૂલ | દ્વિતીય |

### સ્વતંત્રતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત

## સી એન આટ્‌ર્સ-બી ડી કૉમર્સ કૉલેજ ખાતે આઝાદી વિષયે સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત સી ઍન આટ્‌ર્સ અને બીડી કૉમર્સ કૉલેજ, કડી ખાતે સ્વતંત્રતા પખવાડિયાની ઉજવણી અંતર્ગત નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા, વક્તૃત્ત્વ સ્પર્ધા અને સૂત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

'આઝાદીના ૭૦ વર્ષે મારા સ્વપ્નનું ભારત' વિષય ઉપર નિબંધલેખન સ્પર્ધા કૉલેજ ખાતે યોજાઈ હતી, જેમાં ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

'આઝાદીના ૭૦ વર્ષે મારા સ્વપ્નનું ભારત' અને 'સ્વચ્છ ભારત' વિષયે વક્તૃત્ત્વ સ્પર્ધા પણ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. ઉપરાંત સૂત્રલેખન સ્પર્ધા પણ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી, જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૩૦૦ જેટલાં સૂત્રો લખ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાઈસ પ્રિન્સિપાલ આઈ બી પટેલ, પ્રૉ. ઍસ ટી પટેલ, પાલીબેન ગાંવિત તથા હિરલબેન વિહોતે સંભાળ્યું હતું. નિર્ણાયક તરીકે ડૉ. જયંતિભાઈ ચાવડા, ડૉ. ગણપતભાઈ સોઢાએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા પ્રિન્સિપાલ ડૉ. જી ડી ત્રિપાઠીના માર્ગદર્શનમાં કૉલેજ પરિવારે જહેમત ઊઠાવી હતી.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા જન્માષ્ટમીની ઉજવણી



સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના બાલમંદિરમાં અભ્યાસ કરતા ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. પરંપરાગત વેશભૂષામાં સુંદર રીતે તૈયાર થઈને આવેલાં ભૂલકાઓએ આંખોને ગમે એવાં દશ્યોનું સર્જન કર્યુ હતું. 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયલાલ કી' જેવાં સૂત્રો પોકરીને આ નાનાં બાળકોએ મટકીફોડ કાર્યક્રમનું આયોજન પણ કર્યુ હતું અને માખણ, ચોકલેટ, કેળાંનો પ્રસાદ મેળવ્યો હતો. ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીના નેતૃત્ત્વમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મધુરી મનસુખલાલ શાળા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા સંચાલિત મધુરી મનસુખલાલ શાળા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી અનન્ય ઉત્સાહથી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગ લીધો હતો. ભજન, રાસ, ગરબા, મટકીફોડ જેવા વિવિધ કાર્યક્રમો આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા અને સમગ્ર વાતાવરણને ભક્તિરસથી ભરી દેવામાં આવ્યું હતું. શાળા પરિવારે આ ઉત્સાહભરી ઉજવણી બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે પૂજન ડાન્સિંગ ક્લબ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ગાયત્રી શક્તિપીઠ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. બાળકોએ રાધા-કૃષ્ણની કૃતિ રજૂ કરી મટકીફોડનો કાર્યક્રમ પણ આયોજિત કર્યો હતો. આ પ્રસંગે લાયોનેસ સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.





હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી અનન્ય ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિર ખાતે ૧ લાખ જેટલા ભક્તો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે આયોજિત શ્રી શ્રી રાધા મહોત્સવમાં ૧૦૮ ભોગનો પ્રસાદ ભગવાનને સમર્પિત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહાઅભિષેક, પાલખી ઉત્સવ, ઝુલણ ઉત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે મહાઅભિષેકનો લાભ લીધો હતો. મુખ્યમંત્રી ઉપરાંત અમદાવાદ મનપાના મેયર ગૌતમ શાહ, ઔડાના ચૅરમેન ભૂપેન્દ્ર પટેલ, આઈપીઍસ પી પી પાંડેય, સાબરમતીના ધારાસભ્ય અરવિંદ પટેલ અને આઈએઍસ પી કે પરમાર ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે પ્રતિવર્ષની જેમ આ વખતે પણ શ્રી રસરાજપ્રભુના જન્માષ્ટમી પ્રસંગે લાખોની સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગની ઉજવણીમાં ખાસ આકર્ષણ ગોકુલ, મથુરા, વૃંદાવન રહ્યું, જ્યાં નાનકડાં બાળકોથી માંડીને મોટેરાઓ સુધી સૌએ આનંદ પ્રાપ્ત કર્યો. 'મટકી ફોડ' અને 'શ્રીકૃષ્ણ જન્મ'નું તાદશ્ય વાતાવરણ સૌ ભાવિક ભક્તોને ભાવસાગરમાં ડૂબાડી ગયું હતું.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઈન્દ્રોડા પાર્કની શૈક્ષણિક મુલાકાત લીધી




વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણના બી ગૃપના વિદ્યાર્થીઓએ ઈન્દ્રોડા પાર્કની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. જેના બૉટનીકલ ગાર્ડનમાં દુર્લભ વનસ્પતિઓ અને ઝુઓલૉજીકલ પાર્કમાં વિભિન્ન જાતના રંગબેરંગી પક્ષીઓ કલરવ કરે છે એવા હરિયાળા ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ તેના વિશે વિશદ માહિતી પ્રાપ્ત કરી હતી તથા ડાયનાસોર પાર્કની પણ મુલાકાત લઈ ડાયનાસોરના જીવાશ્મિઓ નિહાળી ડાયનાસોર અંગે ઝીણવટભરી માહિતી મેળવી હતી. પ્રવાસ દરમ્યાન પ્રકૃતિના સૌંદર્યને વિદ્યાર્થીઓએ ભરપૂર માણ્યું હતું અને શૈક્ષણિક પ્રવાસનો ભરપૂર લાભ લીધો હતો.